For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



■ જેને અકસ્માત નડ્યો તે ખીણમાં પડી ગયેલી બસ



■ અકસ્માતને પગલે ચિંતાતુર સુરતના યાત્રાળુઓ



■ અકસ્માતમાં સ્થાનિક પોલીસે યાત્રાળુઓ પાસેથી જાણકારી લીધી

ઝારખંડમાં સમેતશિખરજીની યાત્રા પૂર્ણ કરી ટ્રેન પકડવા જતી વેળા

બસ અકસ્માતમાં સુરતના જૈન દંપતીનું મોત, 12ને ગંભીર ઈજા





■ મોતને ભેટેલા જૈન દંપતિનો ફાઇલ ફોટો અને જ્યાં તેઓ રહે છે તે એપાર્ટમેન્ટનો ફોટો (તસવીરઃ સતીષ જાદવ)

સુરતના પાલમાં વેસ્ટર્ન સોમચિંતામણી રેસિડેન્સીમાં રહેતા બાબુલાલ જૈન, પત્ની બદામીદેવી અને પુત્ર ભાવેશ યાત્રાએ ગયાં હતાં

યાત્રા પૂર્ણ કરીને તેઓ ટાટાનગર ખાતે ટ્રેન પકડવા માટે આવી રહ્યાં હતાં ત્યારે બસ ઝાડ સાથે અથડાઈને ખીણમાં ખાબકી

અકસ્માતમાં બાબુલાલ જૈન, બદામીદેવીનાં મોત, પુત્ર ભાવેશ બીજી બસમાં હોવાથી બચી ગયો, ઈજાગ્રસ્તો સુરતના હોવાનું અનુમાન

સુરતઃ પાલના જૈન પરિવાર માટે સમેતશિખરજીની ધાર્મિક યાત્રા જીવનની અંતિમ યાત્રા બની ગઈ હતી. ઝારખંડના ગિરિડીહ જિલ્લા સ્થિત જૈન સમાજના પવિત્ર તીર્થસ્થળ સમેતશિખરજીની યાત્રા પૂર્ણ કરીને પરત ફરી રહેલા સુરતના યાત્રાળુઓની બસને રવિવારે મોડીરાત્રે આશરે 10 વાગ્યે ગંભીર અકસ્માત નડ્યો હતો. આ દુર્ઘટનામાં સુરતના પાલ વિસ્તારમાં રહેતા કાપડ દલાલ બાબૂલાલ વંશરાજ જૈન અને

...અનુસંધાન પાના 13 પર

અકસ્માતમાં ઈજાગ્રસ્ત 12ને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા

અકસ્માત બાદ સ્થાનિક રહેવાસીઓ તરત જ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બસમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢવામાં મદદ કરી હતી. માહિતી મળતા જ મધુબન પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ઘાયલ મુસાફરોને સારવાર માટે નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યારે અન્ય યાત્રાળુઓને આગળની મુસાફરી ચાલુ રાખવામાં મદદ કરવામાં આવી હતી. આ અકસ્માતમાં 12થી વધુ મુસાફરો ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યું છે. સંઘના અન્ય યાત્રાળુઓની સ્થિતિ અંગે પણ પરિવારજનો અને સમાજના લોકો માહિતી મેળવી રહ્યા છે. ઈજાગ્રસ્તોના નામો હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યા નથી.

મૃતક બદામીદેવીએ અડધા કલાક પહેલા મૂકેલા વોટ્સએપ સ્ટેટસ આખરી બની ગયા હતા

આ સમગ્ર દુર્ઘટનામાં સૌથી હૃદયદ્રાવક બાબત એ છે કે અકસ્માતના માત્ર અડધા કલાક પહેલાં જ બદામી દેવીએ ભગવાનની ભક્તિ કરતા વ્હોટ્સએપ સ્ટેટસ મૂક્યાં હતાં. રાત્રે 9:30 વાગ્યે તેમણે મુનિસુવ્રત સ્વામી, પાર્શ્વનાથ ભગવાન અને ભૂમિયાજીની પૂજાનાં ત્રણથી ચાર સ્ટેટસ મૂક્યાં હતાં. પરિવારજનો અને પાડોશીઓ માટે આ સ્ટેટસ સામાન્ય ધાર્મિક પોસ્ટ હતાં, પરંતુ કોઈને અંદાજ નહોતો કે આ તેમના જીવનનાં છેલ્લાં સ્ટેટસ બની રહેશે. રાત્રે 10:15 વાગ્યાની આસપાસ પાડોશીઓને બસ અકસ્માતના સમાચાર મળ્યા હતા. જે દંપતી થોડા સમય પહેલાં જ ભગવાનની ભક્તિમાં લીન હતું, તેમના મોતના સમાચારથી રહેવાસીઓ અને પરિચિતોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

સમાજની પરંપરા પ્રમાણે તીર્થભૂમિ પર મરનારની દંપતીની અંતિમવિધિ ત્યાં જ કરાશે

જૈન સમાજની ધાર્મિક પરંપરા મુજબ, પવિત્ર તીર્થભૂમિ પર જે વ્યક્તિનું મૃત્યુ થાય તેની અંતિમવિધિ ત્યાં જ કરવામાં આવે છે. આ પરંપરાને ધ્યાનમાં રાખીને બાબૂલાલ જૈન અને બદામી દેવીની અંતિમવિધિ પણ

...અનુસંધાન પાના 13 પર

પુત્ર ભાવેશ અન્ય બસમાં હોવાથી બચી ગયો, ઈજાગ્રસ્તોનાં સત્તાવાર નામો જાહેર કરાયાં નથી

તેમનો પુત્ર ભાવેશ અન્ય બસમાં મુસાફરી કરી રહ્યો હતો. જેના કારણે તે અકસ્માતનો ભોગ બનતાં બચી ગયો હતો. એક જ યાત્રામાં સાથે ગયેલા માતા-પિતાનું મોત અને પુત્રનો બચાવ થતાં પરિવારની ખુશીઓ ક્ષણભરમાં માતમમાં ફેરવાઈ ગઈ હતી. પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્રના અધિકારીઓએ આ ઘટનાની તપાસ શરૂ કરી છે. અકસ્માતનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી, પરંતુ પ્રાથમિક અહેવાલો મુજબ ઘુમ્મસને કારણે ઓછી દૃશ્યતા એક સંભવિત કારણ હોઈ શકે છે. અધિકારીઓ ઘાયલ મુસાફરો અને સમૂહના અન્ય સભ્યો પાસેથી માહિતી મેળવી રહ્યા છે તેમજ બસની સ્થિતિ અને ચાલકે કેવી રીતે કાબૂ ગુમાવ્યો તે અંગે તપાસ કરી રહ્યા છે.

લાલભાઈ સ્ટેડિયમમાં ભારત-ઈંગ્લેન્ડની U-19 મહિલા ટીમો વચ્ચે T-20 જંગ

ત્રણ આંતરરાષ્ટ્રીય મેચોનું આયોજન, 12 હજાર પ્રેક્ષકો માટે વિનામૂલ્યે પ્રવેશ

વી.વી. એસ.લક્ષ્મણ, એબી કુરુવિલા સહિત BCCIની U-19 મહિલા ક્રિકેટનું સંચાલન કરતી ટીમ સુરત આવે એવી શક્યતા

સુરતઃ સુરતના ક્રિકેટપ્રેમીઓ માટે ડિસેમ્બર મહિનામાં આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટનો રોમાંચ માણવાની તક મળવાની છે. શહેરના લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે ભારત અને ઈંગ્લેન્ડની અંડર-19 મહિલા

...અનુસંધાન પાના 13 પર



સુરતની અખ્સાહ પરમાર પર રહેશે નજર

આ શ્રેણી સુરત માટે વિશેષ ગૌરવની બની શકે છે. સુરતની પ્રતિભાશાળી ક્રિકેટર અખ્સાહ સોરેન્સ પરમાર ભારતીય અંડર-19 મહિલા ટીમમાં સ્થાન મેળવવાની દાવેદાર છે. ગુજરાત અંડર-19 ટીમની કેપ્ટન રહી ચૂકેલી અખ્સાહ ગુજરાતની અંડર-17, અંડર-19, અંડર-23 અને સિનિયર ટીમોનું પ્રતિનિધિત્વ કરી ચૂકી છે. તાજેતરમાં ત્રિવેન્દ્રમ ખાતે યોજાયેલી BCCIની અંડર-19 મહિલા T-20 ટુર્નામેન્ટમાં પાંચ મેચમાં કુલ 12 વિકેટ ઝડપી તે ટુર્નામેન્ટની બીજી સૌથી વધુ વિકેટ લેનારી બોલર બની હતી. ચાર મેચમાં મેન ઓફ ધ મેચનો ખિતાબ પણ મેળવ્યો હતો. ભારતની શ્રેષ્ઠ 60 અંડર-19 મહિલા ખેલાડીઓમાં સ્થાન મેળવ્યા બાદ ચેલેન્જર ટ્રોફીમાં ત્રણ મેચમાં છ વિકેટ સાથે બેસ્ટ બોલર બની હતી. નવેમ્બરમાં બેંગલુરુ ખાતે ભારત-નેપાળ ત્રિકોણીય શ્રેણીની ફાઇનલમાં 18 બોલમાં 40 રન અને એક વિકેટ મેળવી પ્લેયર ઓફ ધ મેચ બની હતી.

'ચાર વર્ષ સારા હતા, હવે છેલ્લું વર્ષ આવતાં ખરાબ થઈ ગયા?'

ભાજપમાં રહી કોંગ્રેસનું કામ કરનારાઓને ધારાસભ્ય મુકેશ પટેલની ખુલ્લી ચેતવણી

ઓલપાડના સ્નેહમિલન સમારોહમાં ધારાસભ્યનો આક્રમક મિજાજ

પક્ષમાં રહીને ટાંટિયાખેંચ કરનારાઓ સામે જાહેર મંચ પરથી નારાજગી વ્યક્ત કરી

સુરત, સાયણઃ સુરત જિલ્લાના ઓલપાડ ભાજપમાં આંતરિક જૂથબંધીનો વિવાદ હવે ખુલ્લેઆમ સપાટી પર આવ્યો છે. સાયણ ખાતે યોજાયેલા ભાજપના સ્નેહમિલન સમારોહમાં ઓલપાડના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી મુકેશ પટેલે પક્ષમાં રહીને પક્ષને નુકસાન પહોંચાડનારાઓ સામે આક્રમક વલણ અપનાવ્યું હતું.



ભાજપમાં રહીને કોંગ્રેસ માટે કામ કરતા અને સંગઠનની અંદર રહીને ટાંટિયાખેંચ કરતાં તત્ત્વોને તેમણે જાહેર મંચ પરથી આડકતરી ચેતવણી આપી હતી.

મુકેશ પટેલે પોતાના સંબોધનમાં નારાજગી વ્યક્ત કરતાં કહ્યું હતું કે, ચાર વર્ષ મુકેશભાઈ સારા હતા, હવે

...અનુસંધાન પાના 13 પર

પહેલી વખત ઓલપાડથી કારોબારી અધ્યક્ષ બન્યાની ખુશી હોવી જોઈએ

મુકેશ પટેલે સ્ટેજ પરથી ઘટસ્ફોટ કરતા કહ્યું કે, બ્રિજેશભાઈ જિલ્લા પંચાયતના સભ્ય બન્યા ત્યારબાદ ઓલપાડને વર્ષો પછી પહેલીવાર કારોબારી અધ્યક્ષનું મહત્ત્વનું પદ મળવાનું હતું, જે સમગ્ર વિસ્તાર માટે ગૌરવની વાત હતી. પરંતુ, આપણામાંથી જ અમુક લોકોએ બ્રિજેશભાઈ કારોબારી અધ્યક્ષ ન બને તે માટે ઉપર સુધી ચિઠ્ઠીઓ લખી હતી.

ભાજપના પ્રદેશ પ્રમુખની જીભ લપસી 182 બેઠકના સંકલ્પમાં 82 બોલ્યા



પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ 2027માં ભાજપને 82 બેઠક મળશે તેવો ઉલ્લેખ કરતાં રાજકારણ ગરમાયું

ગાંધીનગરઃ ગુજરાતમાં 2027ની વિધાનસભા ચૂંટણીને હજુ સમય છે, પરંતુ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજકીય નિવેદનબાજી અત્યારથી જ તેજ બની રહી છે. ભાજપે રાજ્યની તમામ 182 વિધાનસભા બેઠકો જીતવાનો સંકલ્પ જાહેર કર્યો છે, ત્યારે પક્ષના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માના મોઢેથી જ 182ના બદલે 82 બેઠકોનો આંકડો નીકળી જતાં રાજકીય વર્તુળોમાં ચર્ચા છેડાઈ છે. અમદાવાદમાં યોજાયેલા ભાજપના નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમમાં થયેલી આ જીભ લપસવાની ઘટના હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. કોંગ્રેસે આ મુદ્દાને હાથમાં લઈને ભાજપના 182 બેઠકો જીતવાના દાવા પર કટાક્ષ કર્યો છે. બીજી તરફ, ભાજપની સ્પષ્ટતા છે કે પ્રદેશ પ્રમુખ 182 બેઠકો જીતવાની વાત કરી રહ્યા હતા, પરંતુ જીભ લપસતાં બોલવામાં ભૂલ થઈ હતી.

ભાજપ દ્વારા 22 નવેમ્બરે

...અનુસંધાન પાના 13 પર

કોંગ્રેસે મુદ્દો ઉછાળ્યો, ભાજપના દાવા પર કટાક્ષ

પ્રદેશ પ્રમુખના આ નિવેદનનો વીડિયો વાયરલ થતાં જ કોંગ્રેસે ભાજપને ઘેરવાની તક ઝડપી હતી. ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડા સહિત કોંગ્રેસના નેતાઓએ આ મુદ્દે ભાજપ પર નિશાન સાધ્યું હતું. કોંગ્રેસે કટાક્ષ કર્યો હતો કે ભાજપના પ્રદેશ પ્રમુખના મોઢામાંથી સાચો આંકડો નીકળી ગયો છે. ભાજપ 182 બેઠકો જીતવાના દાવા સાથે જે કાર્યક્રમો યોજી રહ્યો છે તેને કોંગ્રેસે માત્ર દેખાડો ગણાવ્યો હતો અને રાજ્યમાં ભાજપ સરકાર સામે લોકોમાં નારાજગી હોવાનો દાવો કર્યો હતો.

વિવાદ બાદ વિડીયો હટાવાયાની ચર્ચા

આ નિવેદનની ક્લિપ સોશિયલ મીડિયા પર વ્યાપક પ્રમાણમાં ફેલાતાં રાજકીય ચર્ચા વધુ તેજ બની હતી. કેટલાક લોકોએ તેને સામાન્ય બોલવાની ભૂલ ગણાવી હતી, તો વિપક્ષી સમર્થકોએ તેના પર કટાક્ષ કર્યા હતા. આ દરમિયાન ભાજપના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પરથી ભાષણનો વીડિયો હટાવી દેવાયો અથવા વિવાદાસ્પદ ભાગ દૂર કરાયો હોવાની વિગતો પણ સામે આવી છે. જોકે, આ અંગે પક્ષ તરફથી અલગથી સત્તાવાર સ્પષ્ટતા સામે આવી નથી.

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેનો નવસારી-વલસાડ હિસ્સો હવે પૂરો થવાની આશા

આ હિસ્સા માટે બંસલ કન્સ્ટ્રક્શન પાછા હટ્યા બાદ NHAIએ ફરી ટેન્ડર કરતા અશોકા બિલ્ડકોનની સૌથી ઓછી બોલી

₹.1,465 કરોડની સૌથી ઓછી બોલી સાથે અશોકા બિલ્ડકોને L-1, 35.4 કિમીનું કામ 18 મહિનામાં પૂરું કરવાનું રહેશે

સુરતઃ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેના ગુજરાત હિસ્સામાં વારંવાર અટકતા બાંધકામને લઈને હવે નવી આશા જાગી છે. સુરતની આગળ નવસારી અને વલસાડ જિલ્લા વચ્ચે 35.4 કિમી લાંબા પેકેજ-8ના બાંધકામ માટે અશોકા બિલ્ડકોન સૌથી ઓછી બોલી લગાવનાર કંપની

...અનુસંધાન પાના 13 પર

બંસલના ઇનકાર બાદ ફરી ટેન્ડર

અત્રે ઉલ્લેખનીય છે કે, આ જ પેકેજ-8ના ગણ દેવા ઇન્ટરચેન્જથી વલસાડ ઇન્ટરચેન્જ સુધીના હિસ્સાનું બાકીનું બાંધકામ અગાઉ પણ અનેક વખત કોન્ટ્રાક્ટર બદલાવાને કારણે પ્રભાવિત થયું હતું. વર્ષ-2021માં પુણેની રોડવે સોલ્યુશન્સ ઇન્ડિયા ઇન્ફ્રા લિ.ને પહેલો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો, પરંતુ કામમાં મોડું થવાને કારણે માર્ચ-2023માં કરાર સમાપ્ત કરી દેવાયો હતો. નવેમ્બર-2023માં આ જ કંપનીને EPC મોડમાં ફરી કામ સોંપાયું હતું, પરંતુ પ્રગતિ સંતોષકારક ન રહેતાં આ કરાર પણ સમાપ્ત કરી દેવાયો હતો. ત્યારબાદ થયેલા ટેન્ડરમાં ભોપાલની બંસલ કન્સ્ટ્રક્શન વર્ક્સ પ્રા.લિ. સૌથી ઓછી બોલી લગાવનાર બની હતી. જોકે, કંપનીએ કોન્ટ્રાક્ટ સ્વીકારવાનો ઇનકાર કરી દીધો હતો. તેના કારણે NHAIએ તેની ₹.14.76 કરોડની બિડ સિક્યોરિટી જપ્ત કરી લીધી હતી.

પેકેજ-9નું કામ પણ અશોકા પાસે

હવે ફરી ટેન્ડરમાં અશોકા બિલ્ડકોને ₹.1,465 કરોડની બોલી લગાવીને L-1 સ્થાન મેળવ્યું છે. કંપનીને તાજેતરમાં જ ગુજરાતના પેકેજ-9 એટલે કે કરવડ-જુજુવા સેક્શનનું બાંધકામ પણ મળ્યું છે. આમ સતત અટકેલા બે પડોશી સેક્શનના બાંધકામમાં એક જ કંપનીની ભાગીદારી મહત્ત્વની મનાઈ રહી છે.

18 મહિનામાં કામ પૂરું કરવું પડશે

પેકેજ-8ના 35.4 કિમી હિસ્સાને પૂરો કરવા માટે 18 મહિનાની સમયમર્યાદા નક્કી કરાઈ છે. જોકે L-1 બન્યા બાદ હજુ ઔપચારિક કોન્ટ્રાક્ટ ફાળવણીની પ્રક્રિયા પૂરી થવી બાકી છે. સતત ટેન્ડર નિષ્ફળ જવા અને બાંધકામમાં થયેલા વિલંબ બાદ હવે આ પેકેજ પર કામ શરૂ થવા અને નક્કી સમયમાં પૂરું થવા પર સૌની નજર રહેશે.

ઓછા ઈંધણને કારણે ગોવા-મુંબઈની ફ્લાઈટનું સુરતમાં ઈમરજન્સી લેન્ડિંગ

ફ્લાઈટમાં 142 મુસાફર હતા, રિફ્યુઅલિંગ બાદ ફ્લાઈટ સુરત એરપોર્ટ પરથી મુંબઈ રવાના



સુરતઃ ગોવાથી મુંબઈ જતી એર ઇન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટમાં ઈંધણ ઓછું હોવાને કારણે સોમવારે (23 નવેમ્બર) તેનું સુરત એરપોર્ટ પર ડાયવર્ઝન કરવામાં આવ્યું હતું. ફ્લાઇટમાં 142 મુસાફરો સવાર હતા. વિમાને સુરત એરપોર્ટ પર સુરક્ષિત લેન્ડિંગ કર્યા બાદ રિફ્યુઅલિંગ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ તમામ મુસાફરો સાથે મુંબઈ જવા રવાના થયું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, એર ઇન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટ નંબર IX-2842 ગોવાથી મુંબઈ જવા માટે ઉડાન ભરી હતી. જોકે, વિમાનમાં ઈંધણ ઓછું હોવાની સ્થિતિને પગલે તેને મુંબઈના બદલે સુરત એરપોર્ટ તરફ ડાયવર્ટ કરવામાં આવ્યું હતું. બપોરે આશરે 3:31 વાગ્યે વિમાનનું સુરત એરપોર્ટ પર સુરક્ષિત લેન્ડિંગ થયું હતું. ત્યારબાદ તેને એરપોર્ટના બે નંબર 09 પર પાર્ક કરવામાં આવ્યું હતું. વિમાનમાં કુલ 142 મુસાફરો સવાર હતા. સુરત એરપોર્ટ પર વિમાનને સુરક્ષિત રીતે ઉતાર્યા બાદ તેમાં ઈંધણ ભરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. રિફ્યુઅલિંગ પૂર્ણ થયા બાદ સાંજે આશરે 4:56 વાગ્યે ફ્લાઇટે સુરત એરપોર્ટ પરથી મુંબઈ માટે ફરી ઉડાન ભરી હતી. આમ, ઓછા ઈંધણને કારણે ગોવા-મુંબઈની ફ્લાઇટનું સુરત એરપોર્ટ પર ડાયવર્ઝન થયું હતું, પરંતુ તમામ 142 મુસાફરો સાથે વિમાન સુરક્ષિત રીતે મુંબઈ જવા રવાના થતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹૪૫૦૦/-	₹૩૦૦૦/-	₹૫૨૦૦/-

(+GST EXTRA)

ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦





